# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ગ્રાહકો માટે 12 હજાર કરોડ રૂપિયાની સબસિડીની સરકારની મંજૂરી
2) બિહારમાં SIR મુદ્દે વિપક્ષોના હોબાળાને કારણે બંને ગૃહોની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે વાતચીત કરી
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બિહારમાં SIR ના વિરોધ બદલ RJDના વડા લાલુ પ્રસાદ યાદવ અને કોંગ્રેસના રાહુલ ગાંધીની ટીકા કરી.
5) લોકસભામાં વિપક્ષના નેતાએ ફરી ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવ્યો

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# Cabinet briefing

સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના ગ્રાહકો માટે વર્ષ 2025-26 માટે 12 હજાર કરોડ રૂપિયાથી વધુના અંદાજિત ખર્ચે સબસિડી ચાલુ રાખવાની મંજૂરી આપી છે. આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપતાં જણાવ્યું કે આ યોજનાનો લાભ 10 કરોડ 33 લાખથી વધુ પરિવારોને મળ્યો છે.

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ, એલપીજી)

સરકારે IOCL, BPCL અને HPCL સહિત ત્રણ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ માટે 30 હજાર કરોડ રૂપિયાની વળતર રકમને પણ મંજૂરી આપી છે. શ્રી વૈષ્ણવે એમ પણ જણાવ્યું કે સરકારે 4 હજાર 200 કરોડ રૂપિયાના બજેટ સાથે ટેકનિકલ શિક્ષણમાં બહુ-શાખાકીય શિક્ષણ અને સંશોધન સુધારણા યોજના માટે સહાયને પણ મંજૂરી આપી છે.

શ્રી વૈષ્ણવે વધુમાં જણાવ્યું કે સરકારે આસામ અને ત્રિપુરા માટે વિશેષ વિકાસ પેકેજની હાલની કેન્દ્રીય ક્ષેત્ર યોજના હેઠળ ચાર નવા ઘટકોને પણ મંજૂરી આપી છે, જેમાં કુલ 4 હજાર 250 કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

શ્રી વૈષ્ણવે માહિતી આપી કે સરકારે તમિલનાડુમાં ચાર-લેન મરક્કનમ-પુડુચેરી હાઇવેના નિર્માણને પણ મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ પર 2 હજાર 157 કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

..........

# Parliament - Adjournment

બિહારમાં ખાસ સઘન સમીક્ષા મુદ્દા પર વિપક્ષોના વિરોધને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરવામાં આવી હતી.

લોકસભાની કાર્યવાહી બપોરે 3 વાગ્યે ફરી શરૂ થઈ ત્યારે, વિરોધ પક્ષોના સભ્યો ગૃહની મધ્યમાં ધસી આવ્યા હતા અને ખાસ સઘન સુધારા કાર્યના મુદ્દા પર સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ગૃહ દ્વારા મંજૂર કરાયેલ આવકવેરા બિલ-2025 પાછું ખેંચવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. હંગામો ચાલુ રહેતાં, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું  કે સરકાર દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. હોબાળા વચ્ચે, સ્પીકરે ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી.

અગાઉ, જ્યારે રાજ્યસભાની કાર્યવાહી 11 વાગ્યે શરૂ થઈ, ત્યારે ગૃહે ભારત છોડો ચળવળ દરમિયાન સ્વતંત્રતા માટે લડનારા સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ આપી. બાદમાં, વિપક્ષી સાંસદોએ ખાસ ઊંડાણપૂર્વક સમીક્ષા પર ચર્ચાના મુદ્દા પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા. શ્રી હરિવંશે વિપક્ષી સભ્યોને  ગૃહની કાર્યવાહી ચાલુ રાખવા વિનંતી કરી પરંતુ હંગામો ચાલુ રહેતાં, ઉપાધ્યક્ષે ગૃહની કાર્યવાહી  સુધી સ્થગિત કરી દીધી.

. . . . . . . . . .

# Prime Minister - Putin

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વ્યાપક વાતચીત કરી. શ્રી પુતિને પ્રધાનમંત્રી મોદીને યુક્રેનમાં તાજેતરના વિકાસ વિશે માહિતી આપી. પ્રધાનમંત્રી મોદીએ રાષ્ટ્રપતિ

પુતિનનો વિગતવાર મૂલ્યાંકન કરવા બદલ આભાર માન્યો અને સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતની દ્રઢ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને નેતાઓએ દ્વિપક્ષીય કાર્યસૂચિ પર પ્રગતિની સમીક્ષા કરી અને ભારત-રશિયા વિશેષ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. શ્રી મોદીએ રાષ્ટ્રપતિ પુતિનને આ વર્ષના અંતમાં 23મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું.

. . . . . . . . . .

## President- Rakhi greetings

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં કહ્યું કે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર ભાઈઓ અને બહેનો વચ્ચેના પ્રેમ અને વિશ્વાસના અદ્ભુત બંધનનું પ્રતીક છે. તેમણે કહ્યું કે આ તહેવાર સમાજમાં સંવાદિતા અને એકતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

. . . . . . . . . .

## Election Commission-Voter List

ચૂંટણી પંચે આજે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફરતા અહેવાલોને નકારી કાઢ્યા છે કે ચૂંટણી પંચે રાતોરાત તેની વેબસાઇટ પરથી અનેક રાજ્યોની ઇ-મતદાર યાદીઓ દૂર કરી દીધી છે. પંચે આ અહેવાલોને ખોટા ગણાવ્યા અને કહ્યું કે કોઈપણ વ્યક્તિ 36 રાજ્યો અને

કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કોઈપણની મતદાર યાદી voters.eci.gov.in વેબસાઇટ પર ડાઉનલોડ કરી શકે છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# WAVES-MAGAZINE STORE LAUNCH

પ્રસાર ભારતીના મુખ્ય કાર્યકારી અધિકારી ગૌરવ દ્વિવેદીએ આજે જણાવ્યું હતું કે દર્શકો અને શ્રોતાઓ માટે પ્રવેશ અવરોધો ઘટાડવા અને માહિતી, શિક્ષણ અને મનોરંજનની શક્ય તેટલી વ્યાપક પહોંચ સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે આજે નવી દિલ્હીમાં વેવ્સ ઓટીટી પ્લેટફોર્મ પર મેગેઝિન સ્ટોરનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રી દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ સેવાનો લાભ લેવા માટે, વ્યક્તિએ દર મહિને ૯૯ અથવા દર વર્ષે ૯૯૯ રૂપિયા ચૂકવવા પડશે.

(બાઇટ- ગૌરવ દ્વિવેદી – પ્રસારભારતીના મુખ્ય અધિકારી)

..........

# Bihar-Amit Shah

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારાનો વિરોધ કરવા બદલ રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની આકરી ટીકા કરી હતી.

સીતામઢીના પુનૌરા ધામ ખાતે એક જાહેર સભામાં શ્રી શાહે આરોપ લગાવ્યો કે ખાસ સઘન સુધારાનો વિરોધ કરીને, આ વિપક્ષી નેતાઓ મત બેંકની રાજનીતિ માટે ઘૂસણખોરોને ટેકો આપી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતાએ આરોપ લગાવ્યો કે અગાઉ, નેહરુના શાસન દરમિયાન અને 2003 માં પણ મતદાર યાદીમાં સુધારો કરવામાં આવ્યો હતો. પરંતુ કોઈએ તેનો વિરોધ કર્યો ન હતો.

(બાઇટ- અમિત શાહ,ગૃહમંત્રી)

શ્રી શાહે કહ્યું કે ચૂંટણી પંચનું ખાસ સઘન સુધારા સ્વસ્થ લોકશાહી માટે સુધારાત્મક પગલું છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

અગાઉ, શ્રી શાહે બિહારના સીતામઢીમાં પુનૌરા ધામ ખાતે માતા જાનકીના નવા મંદિરનો શિલાન્યાસ કર્યો અને ભૂમિપૂજન કર્યું.

..........

# RAHUL - Election Commission

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ચૂંટણી પંચ પર મત ચોરીનો આરોપ લગાવ્યો છે. આજે બેંગલુરુમાં મતદાન અધિકાર રેલીમાં તેમણે ચૂંટણી પંચ પાસે છેલ્લા દસ વર્ષની અખિલ ભારતીય ઇલેક્ટ્રોનિક મતદાર યાદી અને વીડિયોગ્રાફી આપવાની માંગ કરી.

શ્રી રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ મતદાર યાદીઓમાં છેડછાડ કરીને ભાજપને મદદ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે કર્ણાટક સરકારે બેંગલુરુના મહાદેવપુરા વિધાનસભા મતવિસ્તારમાં મત ચોરીની તપાસ કરવી જોઈએ અને ખોટી મતદાર યાદી તૈયાર કરવા બદલ દોષિત અધિકારીઓ સામે કાર્યવાહી કરવી જોઈએ.

. . . . . . . . .

# China-India-SCO Summit

ચીને 31 ઓગસ્ટથી 1 સપ્ટેમ્બર દરમિયાન તિયાનજિનમાં યોજાનારી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન-SCO સમિટમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગામી મુલાકાતનું સ્વાગત કર્યું છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને જણાવ્યું હતું કે આ સમિટ એકતા અને મિત્રતાનો સંગમ હશે. 20 થી વધુ દેશો તેમાં ભાગ લેશે.

. . . . . . . . .

## India-US defense deal

સંરક્ષણ મંત્રાલયે આજે એવા અહેવાલોને નકારી કાઢ્યા છે કે ભારતે અમેરિકા સાથે સંરક્ષણ ખરીદી વાટાઘાટો અટકાવી દીધી છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ અહેવાલો ખોટા અને બનાવટી છે. મંત્રાલયે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે વિવિધ ખરીદીના કેસ હાલની પ્રક્રિયાઓ મુજબ આગળ વધી રહ્યા છે.

..........

## Rain in West Bengal

હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળના ઘણા જિલ્લાઓમાં અલગ અલગ સ્થળોએ મુશળધાર વરસાદની આગાહી કરી છે. ઉત્તર બંગાળના દાર્જિલિંગ, કાલિમપોંગ, જલપાઇગુડી, અલીપુરદુઆર જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ બંગાળના પુરુલિયા જિલ્લામાં મુશળધાર વરસાદ પડી શકે છે. બાંકુરા, પૂર્વ વર્ધમાન, પશ્ચિમ વર્ધમાન અને દક્ષિણ 24 પરગણા જિલ્લાઓમાં વાવાઝોડા સાથે ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે.

..........

## NHRC-UP

મેરઠમાં ખુલ્લા ખાડામાં પડી જવાથી ત્રણ બાળકોના મૃત્યુના કેસમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ઉત્તર પ્રદેશના મુખ્ય સચિવ અને પોલીસ

મહાનિર્દેશકને નોટિસ ફટકારી છે. પંચે બે અઠવાડિયામાં આ મામલે વિગતવાર અહેવાલ માંગ્યો છે.

. . . . . . . . . .